# પત્રક ભાગ–૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## શુક્રવાર, તા.૦૬/૦૨/૨૦૨૬

### ૨૩૧. બિન–સરકારી સંકલ્પો રજૂ કરવા માગતા સભ્યશ્રીઓના નામોનું બેલેટ

પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર માટેની સભાઓની તારીખવાર યાદી(કામચલાઉ) પ્રમાણે બિન–સરકારી સંકલ્પો માટે **ગુરૂવાર, તા.૨૬/૦૨/૨૦૨૬, ગુરૂવાર, તા.૧૨/૦૩/૨૦૨૬** અને **મંગળવાર, તા.૨૪/૦૩/૨૦૨૬**ના રોજ એમ ત્રણ દિવસો નક્કી થયા છે. આ દિવસોએ જે સભ્યશ્રીઓ બિન–સરકારી સંકલ્પો ગૃહમાં રજૂ કરવા માગતા હોય તેમણે, તે માટેના બેલેટમાં તેમના નામનો સમાવેશ કરવા માટે સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા દર્શાવતી સૂચનાઓ આપવાની હોય છે. ઉક્ત દિવસો માટેના બિન–સરકારી સંકલ્પો સંબંધમાં સૂચનાઓ આપવાની છેલ્લી તારીખ અને સમય, બેલેટની તારીખ તથા બેલેટમાં પ્રથમ ત્રણ આવનાર સભ્યશ્રીઓએ સંકલ્પની સૂચના આપવાની છેલ્લી તારીખ નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

| **સંકલ્પ રજૂ કરવા ઈચ્છતા સભ્યશ્રીઓએ તેમની ઈચ્છા દર્શાવતી સૂચના આપવાની છેલ્લી તારીખ અને સમય** | **બેલેટ માટેની તારીખ, સમય અને સ્થળ** | **સંકલ્પની સૂચના આપવાની છેલ્લી તારીખ અને સમય** |
|---|---|---|
| **તા.૨૬/૦૨/૨૦૨૬ માટેનો કાર્યક્રમ** | | |
| શુક્રવાર, તા.૧૩/૦૨/૨૦૨૬ (સાંજના ૬–૦૦ વાગ્યા સુધી) | મંગળવાર, તા.૧૭/૦૨/૨૦૨૬ (સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં) સ્થળ: ગુજરાત વિધાનસભા સચિવાલયના ત્રીજા માળે, ઉપસચિવ, શ્રીમતી એન. કે. સુથારની ચેમ્બરમાં | શુક્રવાર, તા.૨૦/૦૨/૨૦૨૬ (બપોરના ૧૨–૦૦ વાગ્યા સુધીમાં) |
| **તા.૧૨/૦૩/૨૦૨૬ માટેનો કાર્યક્રમ**<br>તા.૧૨/૦૩/૨૦૨૬ના વારા માટેની ઈચ્છાદર્શક સૂચનાઓ તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજથી સ્વીકારવામાં આવશે. | | |
| શુક્રવાર, તા.૨૭/૦૨/૨૦૨૬ (સાંજના ૬–૦૦ વાગ્યા સુધી) | ગુરૂવાર, તા.૦૫/૦૩/૨૦૨૬ (સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં) સ્થળ: ગુજરાત વિધાનસભા સચિવાલયના ત્રીજા માળે, ઉપસચિવ, શ્રીમતી એન. કે. સુથારની ચેમ્બરમાં | શનિવાર, તા.૦૭/૦૩/૨૦૨૬ (બપોરના ૧૨–૦૦ વાગ્યા સુધીમાં) |

૨...

| **સંકલ્પ રજૂ કરવા ઈચ્છતા સભ્યશ્રીઓએ તેમની ઈચ્છા દર્શાવતી સૂચના આપવાની છેલ્લી તારીખ અને સમય** | **બેલેટ માટેની તારીખ, સમય અને સ્થળ** | **સંકલ્પની સૂચના આપવાની છેલ્લી તારીખ અને સમય** |
|---|---|---|
| **તા.૨૪/૦૩/૨૦૨૬ માટેનો કાર્યક્રમ**<br>તા.૨૪/૦૩/૨૦૨૬ના વારા માટેની ઈચ્છાદર્શક સૂચનાઓ તા.૨૩/૦૨/૨૦૨૬ના રોજથી સ્વીકારવામાં આવશે. | | |
| શનિવાર, તા.૦૭/૦૩/૨૦૨૬ (સાંજના ૬–૦૦ વાગ્યા સુધી) | બુધવાર, તા.૧૧/૦૩/૨૦૨૬ (સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં) સ્થળ: ગુજરાત વિધાનસભા સચિવાલયના ત્રીજા માળે, ઉપસચિવ, શ્રીમતી એન. કે. સુથારની ચેમ્બરમાં | શુક્રવાર, તા.૧૩/૦૩/૨૦૨૬ (બપોરના ૧૨–૦૦ વાગ્યા સુધીમાં) |

ઉકત દિવસોએ સંકલ્પ રજૂ કરવા માગતા દરેક સભ્યશ્રીએ આ સાથે રાખેલ નમૂનામાં જરૂરી વિગતો ભરી પોતાની ઈચ્છાદર્શક સૂચનાઓ સમયસર મોકલી આપવા વિનંતી છે. નિયત સમય બાદ મળેલી સૂચનાઓ સ્વીકારી શકાશે નહીં.

**બેલેટ વખતે માનનીય સભ્યશ્રીઓ હાજર રહી શકશે.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**